વ્હાલા ભક્તો, મહાપુરુષદાસજી સ્વામી પોતાની અઢારેક જેટલી વાતો પોતાની હાથે લખીને ગ્યા તા. એ એના જીવનમાં લખેલી છે. એની મારે તમને એક વાત સંભળાવવી છે. સ્વામિનારાયણ ભગવાન કેવા મહાન, એમના ભક્તો કેવા મહાન, એમના સંતો કેવા મહાન.. કોણ આપણને મળ્યું છે.. પુરુષોત્તમ નારાયણ.. કોની ઉપાસના આપડે કરીએ છીએ એ એમાંથી સમજાય. ભાયાવદરમાં સ્વામીનો જન્મ થયો હતો એમનું નામ હતું રામજી વિપ્ર. એ પોતે લખે છે. કે એકવાર હું ઘેરથી, હું રામજી વિપ્ર ભાયાવદર મારા ઘરેથી ચાલીને વડતાલ ગયો. ગોપાળાનંદ સ્વામીને મળવા. ને ગોપાળાનંદ સ્વામીને આસને જઇ દંડવત કરીને પગે લાગ્યો. “સ્વામી”

“ઓ હો.. રામજી તું આવ્યો? કેમ આવ્યો?” ,

“સ્વામી, મારે સંસારમાં નથી રહેવું .”

“નહિ?”

“ના, સાધુ થવું છે.”

“રામજી, તારે હમણાં ઉતાવળા થાવું નહિ, તમારા ઘરનું મનુષ્ય પાંચ વર્ષ પછી દેહ મેલી જાહે. ત્યારે તું બ્રહ્મચારી થાજે.”

આવું મને સ્વામી એ કહ્યું. પછી હું તો એ વચન માથે ચડાવી, સ્વામીની વાતો નિત્ય સાંભળીને સમાગમ કરવા રહ્યો વડતાલમાં. ત્યાં ત્રણ મહીના રહ્યો ત્યારે ઘરેથી ડોસો ચાલીને મને તેડવા આવ્યો. પછી મારે સ્વામીની રજા લઇને ઘરે જવું પડ્યું. હું પાછો ભાયાવદર આવ્યો. વળી પાછો હું અમુક સમય પછી ભાયાવદરથી જુનાગઢ દર્શન કરવા ગ્યો. ત્યાં રાધા રમણ દેવના દર્શન કરીને અક્ષરસ્વરૂપ ગુણાતીતાનંદ સ્વામીના આસને જઇને દંડવત કરીને પગે લાગ્યો. ગુણાતીતાનંદ સ્વામી રાજી થ્યા.

“રામજી આવ્યો?”

“હા”

“આવ ઓરો માથે બે હાથ મુકું” ગુણાતીતાનંદ સ્વામીએ માથે બે હાથ મુક્યા અને બ્રહ્મચારીની ધરમશાળામાં મારું આસન કરાવવાની ભલામણ કરી. ત્યારપછી સભામાં અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો થાય અને હું સાંભળતો અને સમાગમ કરી દેવના દર્શન કરતો ને સેવા કરતો. બહુ મઝા આવી. એક દિવસ હું જ્યારે બહિર્ભૂમીએ જઇ આવીને ન્હાવા જાતો તો ત્યારે ભાયાવદરથી એ બ્રાહ્મણ જૂનાગઢ આવ્યો. અને મને કહે,

“જય સ્વામિનારાયણ રામજીભાઇ..”

“બોલો બોલો ભૂદેવ, કેમ છે?”

“તમને સ્નાન આવે એવી એક વાત કહેવાની છે, તમારે નાવું પડશે.”

ત્યારે મેં કહ્યું, “એમ ભૂદેવ? એવી વાત કરવાની છે? તમે વાત કરો એ પહેલા હું કહી દઉં?”

“લે, રામજીભાઇ તમે કેવી રીતે કહી દેશો?”
“કહી દઉ. કાલે મારા ઘરનું મનુષ્ય ધૂળ ખોદવા ગયેલું. ને માથે ધૂળની ખાણ પડતાં, ભેખડ પડતાં મરી ગ્યું. એ જ વાત છે કે બીજી?”
“એ જ.”
બ્રાહ્મણ કહે કે, તમે તો જાણી ગ્યા. અંતર્યામી.
પછી મેં કહ્યું કે જાઓ સભામંડપમાં બેસો ભૂદેવ. હું ભેળાભેળું એનું પણ સ્નાન કરીને આવું. આમ તો નાવા જ ગ્યા તા. બેળાભેળું એનુ ય. બેય હારે. પછી નાહીને, વસ્ત્ર બદલાવીને, કોઠારી પાસે બે મણ સાકર મેં વેચાતી લીધી. કેટલી? બે મણ. ને તેના સૂંડલા ભરાવી સભામાં સૌ સાધુઓને મારે હાથે ખોબો ખોબો સાકર મેં વહેંચી. ત્યારે સાધુએ પૂછ્યું કે,
“હેં રામજીભાઇ, આ શેની સાકર વહેંચો છો?”
ત્યારે હું બોલ્યો, “મારા ઘરનું મનુષ્ય ગુજરી ગ્યુ ને એની.”
“તમારા ઘરના ગુજરી ગ્યા?”
“ગ્યા. એ આ લોકનું સગપણ તૂટ્યું.. અને મારું પરલોકનું સગપણ સંધાણું. એના રાજીપાની આ સાકર વહેંચુ છું. સૌ સંતો ગળ્યા મોઢા કરો.”

આવું બોલ્યા રામજી વિપ્ર. આ એમણે લખી છે. ઓથેન્ટીક વાત. સમજાણું?
એમ સાધુને કહી કહી કોઠારેથી લાવેલી સાકર વહેંચી. અને પછી કોઠારેથી એક ધોતિયુ વહેંચાતુ લીધુ. અને તે સમાચાર લઇને જે બ્રાહ્મણ આવ્યો એને ઓઢાડ્યું ને ખૌબો સાકર એને આપી. અને કહ્યું, ભૂદેવ, મારો જેમ સંસાર છૂટ્યો, તેમ તારી પણ સંસારની વાસના તૂટી જાય. મોજમાં જ બહુ આવી ગ્યા. એમ એને મેં વર દીધો. અને તેથી તે બ્રાહ્મણ પણ થોડી મુદતે, સંસારનો ત્યાગ કરીને બ્રહ્મચારી થયો તો. અને એનું કૃષ્ણાનંદ બ્રહ્મચારી નામ પાડ્યું હતું. બધૌ ઓથેન્ટીક વાતો. પછી હું અક્ષરમૂર્તિ ગુણાતીતાનણદ સ્વામીની રજા લઇને ભાયાવદર ગ્યો. ને ત્યાં જઇ ઘરના મનુષ્યનું કારજ કર્યું. એ વિધિ તો પતાવવો પડે. કારજ કરીને હું જુનાગઢ જવા જ્યારે તૈયાર થયો, તે વખતે મારા પિતાએ કહ્યું,
“તમારું ફરી સગપણ કરવાનું માંગુ આવ્યું છે, કન્યા દેવાવાળા તૈયાર છે. માટે તમે ઘરે રહો. ફરી તમારા વિવાહ કરીએ.”
ત્યારે મેં કહ્યું, હે ડોહા, હું સંસારની ઉપાધિમાંથી માંડ માંડ છુટ્યો છું, ગોપાળાનંદ સ્વામીના આશિર્વાદથી. માટે મારે હવે ફરી ગૃહસ્થાશ્રમ કરવો નથી. માથાકુટ મેલો.”

જેમ ચકોરની ચક્ષુ ચંદ્ર વિના નવ લોભાય ક્યાંહી લગાર
તેમ હરિજન હરિમૂર્તિ વિના અવર જાણે અંગાર

જોયુ? આપણેય હરિભગત જ છીએ ને? આપણી આખ્યું મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય તણાય છે? લોભાય છે? જાય છે? કુદ્રષ્ટિ થાય છે? કોઇ રૂપમાં ચોંટે છે વૃત્તિ આંખની?

જેમ ચકોરની ચક્ષુ ચંદ્ર વિના નવ લોભાય ક્યાંહી લગાર
તેમ હરિજન હરિમૂર્તિ વિના અવર જાણે અંગાર
એમ અનન્ય ભક્ત ભગવાનના પ્રભુ વિના બીજે પ્રીતિ નઇ
મન વચન કર્મે કરી શ્રી હરિના રહ્યા થઇ
એવા ભક્તની ભક્તિ જાણો વાલી લાગે વાલાને મન
નિષ્કુળાનંદ કહે નાથને એવા જને કર્યા પ્રસન્ન

આવું જેનું વર્તન હોય, આવું જે પોતાનું વર્તન કેળવે, આવો જે પોતે ભક્ત થાય એને ભગવાન વશ થાય.

“ હે પિતા, મારે ભગવાન વશ કરવા છે. હવે મારે સંસારમાં પડવું નથી. “

તે વખતે મારા પિતાએ મને એવું કહ્યું કે, “માનો ને હવે, મળે ક્યાંથી આ સામેથી દેવા આવે છે ત્યારે..!”

ત્યારે મેં કીધું, “ શું ડોહા, તમે આવીને આવી વાતું કર્યા કરો છો, મળે ક્યાંથી..મળે ક્યાંથી..?”

આવું તો બધું ભટકાતુ જ હોય સંસારમાં. આનું કાંઇ દુર્લભપણું નથી. મહારાજ કહે એ તો જ્યાં અવતાર લીધો હશે ત્યાં સ્ત્રીનું સુખ તો સ્હેજે મળ્યુ હશે એમાં તપ વ્રત કાંઇ કરવું પડ્યું નહી હોય. તે જીવ જ્યારે બકરો થયો હશે, બુઢિયો વાંદરો થયો હશે ત્યારે એને એની જાતની રૂપને યૌવન સંપન્ન સ્ત્રીઓ કેટલીય મળી હશે. એમાં કાંઇ દુર્લભપણું નથી. એમાં કાંઇ વ્રત તપ ય કરવા જોતા નથી. માટે પિતાજી, માફ કરજો. એમ કહી પછી હું થોડા દિવસ ઘેર રહ્યો અબે બધાને ઠાર્યા અને ડોહાને ખૂબ સમજાવ્યો. ધીરજ દીધી. ને મારા ભાગની જેટલી કોરીયું હોય એટલી મેં લઇ લીધી. ઇ બધા રૂપિયા લઇને હું જૂનાગઢ આવ્યો ને કોરિયું કોઠારમાં મેલી. તેની સાધુ બ્રહ્મચારીને રસોઇ કરાવીને જમાડ્યા. ત્યાર પછી અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને દંડવત કરીને પગે લાગીને વિનંતિ કરી કે હે સ્વામી, મારે હવે ઉપાધિ નથી. ભગવાને દયા કરી. બધું છુટ્યું છે. માટે મારે બ્રહ્મચારી થાવું છે. ત્યારે સ્વામી એ બ્રહ્મચારીને કહ્યું, અલ્યા ને ગઢડે લઇ જાવ. ને ગઢડે લઇ જઇને રઘુવીરજી મહારાજ પાસે બ્રહ્મચારી કરી આવો. ત્યારે બે બ્રહ્મચારી માને સાથે લઇને ગઢડે આવ્યા. ત્યાં પ્રથમ અમો અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીને મળ્યા. ત્યા સ્વામીએ મને આચાર્ય મહારાજ શ્રી રઘુવીરજી મહારાજ પાસેથી દીક્ષા અપાવી. મને બ્રહ્મચારી કર્યો. ને મારું નામ મહાપુરુષાનંદજી પાડ્યું. એવે ટાણે રઘુવીરજી મહારાજે ગઢડાની સભામાં વાત કરી તી. કે આ ભાયાવદરના રામજી વિપ્ર, આજ દીક્ષા લીધી, મહાપુરુષાનંદજી એમનું નામ પાડ્યું.. કેવા આ..? તો કહે, પોતાની સ્ત્રી મરી ગઇ ત્યારે પાછળથી જૂનાગઢમાં સાધુઓને ખોબે ખોબે સભામાં સાકર વહેંચી તી એ આ. માટે જે ખરા વૈરાગ્યવાન હોય તેથી

એમ થાય. એમ રઘુવીરજી મહારાજ સભામાં બોલેલા. મહાપુરુષદાસજી કહે, મેં સાંભળેલુ. બેઠો તો હું ત્યાં. પછી ત્યાં અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામી એ મારા ગુરુ થઇ મને આશિર્વાદ આપ્યા. ગોપાળાનંદ સ્વામી મારા ગુરુ થયા. મને દીક્ષા અપાવી. મને આશિર્વાદ આપ્યા. મારો વાંસો થાબડ્યો. એમ કહ્યું, ખબરદાર થઇને રહેજે. હું તારા ભેગો છું. આમ મને ગોપાળાનંદ સ્વામી એ કીધું. પછી અમે પાંચ દિવસ રોકાઇને જૂનાગઢ આવ્યા. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા. તે વખતે સ્વામીએ મારો વાંસો થાબડ્યો ને મને બ્રહ્મચારીના મંડળમાં દેશ ફરવા મોકલ્યો. (વાત અઢારમી)

સુનો સત્સંગી ધર્મકુંવર સાથે - ૪૫ (૧:૨૬:૫૫)
૧૬/૧૦/૨૨ કુંડળધામ